63९3

॥ प्रस्तावना ॥

। श्रीमद्गजाननो विजयतेतराम् ।

મહાકવિશ્રી ભારવિપ્રણીત કિરાતાર્જુનીય કાવ્યના ટીકાકાર પ્રકાશવર્ષ, જોનરાજ, એકનાથ, ધર્મવિજય, વિનયસુંદર, નરહરિ તથા મલ્લિનાથ વગેરે પંડિતો થઇ ગયા. તેમાંના મહામહોપાધ્યાય મલ્લિનાથે રચેલી 'ઘંટાપથ' નામની ટીકા સર્વગુણ સંપન્ન, જગત્પ્રસિદ્ધ ને બહુ વિદ્વાન સંમત છે. '**मल्लिनाथप्रणीता घण्टापथाख्यैव सर्वगुणपूर्णा लब्धप्रचाराच**' પ્રત્યેક પંડિતોના મતનો તપાસ કરતાં એમ માનવામાં આવે છે કે મલ્લિનાથ તેરમા સૈકાના અંતમાં ને ચૌદમા સૈકાની શરૂઆતમાં થયા હતા. 'મેઘ' કાવ્યના ઉપોદ્ઘાતની અન્દર પંડિત દુર્ગાપ્રસાદ લખે છે કે તેલંગ દેશના ત્રિભુવનગિરી શેહેરમાં ઉત્પન્ન થનાર મલ્લિનાથ વત્સગોત્રનો બ્રાહ્મણ હતો. તેને નૃસિંહભટ્ટ પિતા, રામેશ્વરભટ્ટ પ્રપિતામહ, તથા નારાયણ ને નરહરિ એવા નામે બે પુત્ર હતા. મહામહોપાધ્યાયે ટીકાના આરંભમાં પઘરૂપે કરેલુ વ્યાખ્યાન તેનુ નાગ મુખ વ્યાખ્યાન છે. તે ભાગ કઠિણ હોવાને લીધે તેના ઉપર પંડિતેશ્વરઆશાધરભટ્ટે છાત્રવર્ગના આનંદ માટે સંસ્કૃત ટીકા રચી છે. અદ્યાપિ પર્યન્ત સાર્વજનિકોપ-

યોગી આવો [illegible] ગ્રન્થ પ્રસિદ્ધ નહોવાથી મૂળ, સંસ્કૃતટીકા, ગુજરાતિભાષાંન્તર સહિત અમારા તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. પુસ્તકના અંતે મહાભારતનો સંબંધ મેળવી ગુજરાતીભાષામાં નીતિથી ભરપુર કિરાતાર્જુનીય કાવ્યનો સાર દાખલ કર્યો છે, જેથી વિદ્યાવિલાસી સુજનો તેનો લાભ લઇ શકે. મારા પ્રીય મીત્ર રા. રા. શાસ્ત્રી. પુરૂષોત્તમ ગગનલાલે આ કાર્યની અન્દર સહાય કરવાથી તેમનો આભાર માનું છું.

મુ. અમદાવાદ } લિ.
ના–દે. શાસ્ત્રી.

॥ श्रीः ॥

॥ शंकरोतुगजाननः ॥

॥ किरातार्जुनीयमुखव्याख्यानम् ॥

अर्धाङ्गीकृतदाम्पत्य मपिगाढानुरागियत्

पितृभ्यांजगतस्तस्मै कस्मैचिन्महसेनमः ॥ १ ॥

नमः श्रीलम्बोदराय ॥ अर्धाङ्गीकृतेति ॥ यदर्धाङ्गीकृतदाम्पत्यमपि । अर्धस्वीकृतदम्पतिभावमपि । अपिशब्दोविरोधद्योतकः ॥ तेनार्धस्वीकृतमिथुनीभावस्यवक्ष्यमाणंगाढानुरागित्वंविरुध्यते ॥ सम्पूर्णमिथुनीभावस्वीकारेहिगाढानुरागित्वंघटते ॥ अतएव[1] विरोधाभासोऽलंकारः ॥ अर्थान्तराश्रयणेनात्रविरोधपरिहारः ॥ तद्यथा ॥ अर्धञ्चार्धञ्चार्धे ॥

---

१ लक्षणंचोक्तंकुवलयानंदे । आभासत्वेविरोधस्य विरोधाभासइष्यते । विनापितन्विहारेणवक्षोजौतवहारिणौ ॥ अत्र-हाररहितावपिहारिणौ हृद्यावितिश्लेषमूलकोविरोधाभासः ॥

દંપતીપણું અર્ધું સ્વિકારેલું છતાં જે ગાઢ અનુરાગિ, ને જગતના માતા પિતા રૂપ એવું જે કોઈક તેજ તેને હું નમસ્કાર કરૂં છું. १

सरूपाणामेकशेष० ॥ १ । २ । ६४ ॥ इतिद्वन्द्वसमासापवाद-
एकशेषः ॥ अर्धंऽङ्गंयस्यतदर्धाङ्गं । नार्धाङ्गमनर्धाङ्गं । अन-
र्धाङ्गमर्धाङ्गंसम्पद्यतेतथाकृतंदाम्पत्यंयेनतत् ॥ तथोक्तं॥यद्वा॥
अर्धाभ्यामङ्गीकृतंदाम्पत्यंयेनेतिविग्रहः ॥ अर्धशब्देद्वन्द्वस्तुन-
भवति । द्वन्द्वबाधकत्वादेकशेषस्य ॥ गाढानुरागि । गाढश्चा-
सावनुरागश्चसोऽस्यास्तीतिगाढानुरागिदृढस्नेहं । यद्यपिन-
कर्मधारयान्मत्वर्थीयोबहुव्रीहिश्चेदर्थप्रत्यायकइतिमत्वर्थीयनिषे
धोप्यस्ति । तथापि । 'एकदेशिनैकाधिकरणे' इतिज्ञापकात् ।
कृष्णसर्पवान्वल्मीकइतिभाष्यकारप्रयोगाच्च । तस्यानित्यत्वेन-
बाधोनास्ति। अतएवकालिदासेनहंसचिह्नदुकूलवानितिप्रयोगः
कृतः। वस्तुतस्तुगाढमनुरज्यतीत्येवंशीलमितिव्युत्पत्तिर्निर्बाधा।
जगतःपितृभ्यांमातृपितृवत्प्रतिपालकाभ्यामित्यर्थः ॥ तस्मैक-
स्मैचिन्महसेतेजसेनमः । लिङ्गसंख्याविभेदेऽपिविशेषणविशे-

આ શ્લોકમાં વિરોધાભાસ અલંકાર છે. વિરોધાભાસ એટલે વિરોધનો આભાસ માલમ પડે, પણ વસ્તુતા એ વિરોધ ન હોય. '**अर्धाङ्गीकृत**' એ પદનો અર્થ અર્ધસ્વિકાર કરેલુ એવો કરતાં વિરોધ સ્પષ્ટ જણાય છે, કારણ કે દંપતીપણુ અર્ધસ્વિકૃત હોય તો તે ગાઢઅનુરાગિ ન હોય; પણ '**अर्धाङ्गीकृत**' નો અર્ધા અંગમાં સ્વિકારેલુ અર્થાત્ અર્ધા અંગમાં જેમણે દંપતીપણુ સ્વિકારેલુ છે, એવો અર્થ કરતાં ગાઢઅનુરાગની જોડે વિરોધ આવતો નથી. શંકરે અર્ધા અંગમાં દંપતીપણુ સ્વીકારેલુ છે તે વાત પ્રસિદ્ધ છે, અને તેટલા માટે તે અર્ધનારીશ્વર કહેવાય છે.

ष्यता । विभक्तिः पुनरेकैवविशेषणविशेष्ययोरितिवचनात् । नियतलिङ्गसंख्याकेषुविशेषणविशेष्यभावोभयत्येव ॥ १ ॥

॥ मंगलार्थंशिवौनमस्कृत्यमंगलभूयस्त्वेसिद्धि
भूयस्त्वमित्यभिप्रेत्याह ॥

आलम्बे जगदालम्बं हेरम्ब चरणाम्बुजम्
शुष्यन्ति यद्रजः स्पर्शात्तसद्यः प्रत्यूहवार्धयः ॥ २ ॥

आलम्बइति ॥ जगदालम्बं जगदाश्रयं । हेरम्बचरणाम्बुजं । हेशब्दंरम्बतेभाषतेइतिहेरम्बोगणेशः । अप्येकदन्तहेरम्ब लम्बोदरगजाननाइत्यमरः । तस्यचरणाम्बुजं । लौहित्यमार्दवादिगुणैरम्बुजोपमं चरणमालम्बेआश्रये । रबिलबि अविशब्दे । लबिअवस्रंसनेचेतिधातुपाठे । आङ्पूर्वस्यलबेः कर्तरि लट् ॥ अहंशब्दस्याध्याहारादुत्तमपुरुषः । यद्रजःस्पर्शात्सद्यः प्रत्यूहवार्धयः विघ्नवारिधयः शुष्यन्तिशुष्काभवन्ति ॥ एतेन प्रभावातिशय उक्तः । चरणमेवाम्बुजं चरणाम्बुजमितिरूपकाश्रयणेतुप्रभावातिशयद्योतनंनसंभवति। उत्तरपदार्थस्याम्बुजस्य प्राधान्येनान्वयात् ॥ २ ॥

'ग्रन्थमां मंगळ प्राप्ति माटे (प्रथम) शीव पार्वतीने नमस्कार करीने, मंगळाचरण वधारे होय तो ग्रन्थसिद्धि पण वधारे (निर्विघ्नताथी ग्रन्थ समाप्ति तथा ग्रन्थ लोकमां प्रसिद्ध) थाय. एवा हेतुथी कहे छे.'

तद्दिव्य मव्ययं धाम सारस्वत मुपास्महे
यत्प्रकाशा त्प्रलीयन्ते मोहान्धतमसच्छटाः ॥ ३ ॥

पुनरप्याहतदिति ॥ तद्वक्ष्यमाणप्रकारं । दिव्यं सुन्दरं । दिव्यं वल्गुलवंगयोरितिहैमः । अव्ययमविनाशि । सारस्वतं सरस्वतीसंबन्धिधामतेजः । उपास्महे चिन्तयामः । वयमिति शेषः ॥ अस्मदोद्वयोश्च । १ । २ । ५९ । इतिसूत्रेण कवेरेकत्वेऽपि बहुवचनंयुक्तं । तत्किमित्यपेक्षायामाह । यस्य धाम्नःप्रकाशात् प्रकाशनवैभवात् । मोहान्धतमसच्छटाः। मोहान्धतमसस्य जाड्यान्धकारस्य । अन्धंकरोत्यन्धयति । अन्धयतीत्यन्धं । अन्धंतत्तमश्चान्धतमसं । मोहएव अन्धतमसं मोहान्धतमसं । अवसमन्धेभ्यस्तमसः । ५ । ४ । ७९ । इति समासान्तोऽच्प्रत्ययः । गाढध्वान्तेऽन्धतमसमित्यमरः । तस्यछटाः परम्पराः । स्याच्छटातुपरम्परेतिशाश्वतः ॥ प्रलीयन्तेनश्यन्ति । सारस्वतमित्यत्रस्वार्थेऽण्प्रत्ययोवा । पूर्वतरश्लोकानुसारात् । तत्रहि । पार्वतीपरमेश्वरयोर्महस्त्वेनाभिधानं । स्वार्थिकाःप्रकृतितोलिङ्गवचनान्यतिवर्तन्ते इतिपरिभाषया क्लिबत्वमविरुद्धम् ॥ ३ ॥

જેની રજના સ્પર્શથી વિઘ્નના સમુદ્ર (પણ) તત્કાલ સુકાઇ જાય, અને જગતનું આશ્રય એવું જે ગણપતિનું ચરણ કમળ, તેનું હું અવલંબન કરૂં છું. ૨

જેના પ્રકાશથી મોહરૂપ અંધકારની પરંપરાઓ (પંક્તિઓ) પ્રલય થઇ જાય છે, એવું જે સરસ્વતી સંબન્ધિ અવ્યય તેજ તેની (અમે) ઉપાસના કરીએ છીએ. ૩

'संप्रतिग्राह्यवचनत्वसिद्धयेस्वोत्कर्षंगर्वाभावंचाह'
वाणींकाणभुजीमजीगणदवाशासीच्चवैयासकी
मन्तस्तंत्रमरंस्तपन्नगगवीगुंफेषु चाजागरीत्
वाचा माकलयद्रहस्य मखिलं यश्चाक्षपादस्फुरां
लोकेऽभूद्यदुपज्ञमेव विदुषां सौजन्यजन्यं यशः ॥ ४ ॥

वाणीमिति ॥ यः मल्लिनाथकविः । काणभुजींकणभुजः कणादस्येयंकाणभुजीतांतथोक्तांवाणीं । वैशेषिकदर्शनरूपां । अजीगणत्गणयतिस्म । प्रत्यक्षंधारयतिस्मेत्यर्थः ॥ किंचवैयासकींव्यासस्येयं वैयासकीतां तथोक्तां वाणीं ब्रह्ममीमांसादिरूपां । अवाशासीत् तनुमकार्षीत् । प्रक्षिप्तांनिरसनेनसंप्रदायशुद्धामकार्षीदित्यर्थः । तनुकृतंहिरत्नादिकंनिर्मलं धारण योग्यं भवति । व्यासोक्तौतनूकरणेशोधातिशयउक्तः । तेन तत्रादराधिक्यं गम्यते । अन्तस्तंत्रं । तंत्रे कर्ममीमांसायामित्यंतस्तंत्रं । विभक्त्यर्थेऽव्ययीभावः । अरंस्त रमतेस्म । बुद्धिधर्मो रमणं तद्वति कवावुपचर्यते । पन्नगगवीगुंफेषु । पन्नगस्य शेषावतारस्य पतञ्जलेः गावोवाचः महाभाष्यरूपाः

'હવે ગર્વ રહિત મલ્લિનાથનાં વચનોની ગ્રહણ યોગ્યતા કહેછે'
કણાદ મુનિની વાણી (વૈશેષિક દર્શનરૂપી) ને ગણનાર, (અર્થાત્ પ્રત્યક્ષ ધારણ કરનાર) વ્યાસની વાણી (બ્રહ્મમીમાંસારૂપી) ને સુક્ષ્મ (એટલે પ્રક્ષિપ્ત ભાગો છોડીદઇ, સંપ્રદાય શુદ્ધ) કરનાર, કર્મ મીમાંસામાં બુદ્ધિથી રમણ કરનાર, પતંજલિની વાણીનો ગુંફ (મહાભાષ્ય-

पन्नगगव्यः । गौरतद्धितलुकि । ५ । ४ ।९२ । इतिटच्प्रत्ययः । टिड्ढाणञ्० । ४ । १ । १५ । इत्यादिना ङीप् । तासांगुंफेषु संदर्भेषु अजागरीत् जागर्तिस्म । यथाजाग्रत्पुरुषो विमलबुद्धिर्भवति तथा विमलधीरभूदित्यर्थः । किंच अक्षपादस्फुरां अक्षपादो गौतमः । अक्षामिन्द्रियं पादेयस्येति व्युत्पत्तेः । गौतमस्यहि शंभुवरात्पादयो रवलोकन शक्ति र्बभुवेतिवृद्धेभ्यः श्रुयते । अक्षपादात् स्फुरन्ति प्रकटीभवन्तीत्यक्षपादस्फुरस्तासांगिरां न्यायदर्शनरुपाणामखिलं रहस्य माकलयत् अविदत् । किंच । लोके विदुषां पंडितानां सौजन्यजन्यं सौजन्यमवंयशः । यदुपघ्नं यदाश्रयमेवाभूत् । उपहन्यते पीड्यतेऽसौ उपघ्नआश्रयस्तंहि सर्वेलोकाः स्वभावात्पीडयतीतिप्रसिद्धम् । यो मल्लिनाथ उपघ्नोयस्येति यदुपघ्नं । एवकार इतरोपघ्न निषेधार्थः । संज्ञाशब्दोयं । उपघ्नआश्रयइतिनिपातनात्साधुः ॥ गुणाधिकस्य सौजन्याधिक्यं दुर्लभमिति भावः । यदुपज्ञमितिपाठे उपज्ञोपक्रमं० । २ । ४ । २१ । इत्यादिना क्लिबत्वं । उपज्ञानमाद्यंस्यादित्यमरः । एतदर्थस्यक्लिष्टत्वात्प्रथमनिर्दिष्टएवपाठःसाधुः । एतच्छ्लोकोक्त विद्याना मुपलक्ष-

---

રૂપી) તેને વિષે જાગ્રત રહેનાર,* ગોતમની વાણી (ન્યાયદર્શન રૂપી) ના સકલ રહસ્યને જાણનાર, અને પંડીતોની સજ્જનતાના યશનો આશ્રય કરનાર મલ્લિનાથ નામે કવિ થયો.

* જાગ્રત માણસ વિમલ બુદ્ધિવાન હોય છે, તેમ નિર્મલ મતિ વાન

णत्वात्सांख्यपातञ्जलयोश्छन्दः । शास्त्रादीनांचैगहणम् । यतः काव्यसाहित्यशब्दवाच्यम् । सहिताभिर्विद्याभिःकृतं साहित्य-मिति व्युत्पत्तेः ॥ ४ ॥

मल्लिनाथःकविःसोऽयं मंदात्मानुजिघृक्षया
तत्किरातार्जुनीयाख्यं काव्यंव्याख्यातुमिच्छति ॥५॥

मल्लिनाथइति ॥ सप्रसिद्धः शास्त्रवित्सुजनश्च । अयमि-तिस्वरूपनिर्देशः । यद्यपि स्वात्मनिर्देशेऽस्मच्छब्दप्रयोगेन घटते तथाप्युपाधिनाभेदारोपादय मित्यपिनानुचितं ॥ बहुत्र-प्रयोगदर्शनात् ॥ रूढशब्दोयम् ॥ कविःकाव्यकर्त्तादक्षइतिवा । कविःशुक्रेचदक्षेचकाविःस्यात्काव्यकर्तरीतिविश्वः ॥ मंदात्मा-नुजिघृक्षया । मंदात्मनांमूढधियामनुजिघृक्षयाऽनुग्रहेच्छया । तत्प्रसिद्धं किरातार्जुनीयाख्यं काव्यं । व्याख्यातुंविवरितुमि-च्छति ॥ अहमिच्छामीत्युक्तेर्गर्वप्रतीतिःस्यादतएवमुक्तं ॥ ५ ॥

॥ सम्प्रतिप्रकृतग्रन्थप्रशंसार्थमाह ॥

नालिकेरफलसंमितंवचो भारवेःसपदितद्विभज्यते
स्वादयन्तुरसगर्भनिर्भरं सारमस्यरसिकायथेप्सितम् ॥६॥

તે મલ્લિનાથ કવિ મંદબુદ્ધિવાળા મનુષ્યોના અનુગ્રહની ઈ-ચ્છાથી કિરાતાર્જુનીય કાવ્યનું વ્યાખ્યાન રચે છે. ૫

नालिकेरेति । भारवेः प्रकृतग्रन्थकर्तुर्वचः । नालिकेरफलसंमितं । नालिकेरस्य वृक्षविशेषस्य फलेन संमितं तुल्यमस्ति । बहिःकठिनमन्तःसारवत्तरंचेत्यर्थः । सपद्यधुना ॥ तद्विभ्यते तद्विवच्यते ॥ रसिकाःरसज्ञपुरुषाः ॥ रसगर्भनिमर । रसःशृङ्गारादिः ॥ सएवान्तर्द्रवइतिश्लिष्टरूपकं । गर्भोध्वन्यलंकारादिः । सएवान्तःखर्परमितिचताभ्यांनिर्भरंनितरांभ्रियतेऽसौनिर्भरः । अथवानिश्चयोभरोऽतिशयोयस्येतिनिर्भरस्तं । 'अथातिशयोभरः । अतिवेलभृशात्यर्थातिमात्रोद्गाढनिर्भरमित्यमरः' । अस्यसारंश्रेष्टभागंयथेष्टंस्वादयंत्वनुभवन्तु । रसिकग्रहणमधिकारिनिर्देशार्थम ॥ तदुक्तंसाहित्यदर्पणे ॥ सवासनानांसभ्यानांरसस्यास्वादनंभवेत् ॥ निर्वासनाः शाब्दिकाद्याः काष्ठलोष्टाश्मसन्निभाः । केवलशाब्दिकाः काष्टसन्निभाः । केवलतार्किकालोष्टसन्निभाः । केवलछांदसाअश्मसन्निभाइतिरसविलासे ॥ ६ ॥

"ચાલુથનાર ગ્રન્થની પ્રશંસા કરે છે"

નાલિકેરના ફલ તુલ્ય (અર્થાત્ ઉપરથી કઠીણને અન્દરથી સારવાળી) ભારવિ કવિની વાણી (કિરાતાર્જુનીય રૂપી) નું હાલ (હું) વિવેચન કરૂંછું, માટે હે રસજ્ઞપુરૂષો ? શ્રૃગારાદિકરસ, ધ્વની, ને અલંકાર રૂપી ગર્ભથી ભરપુર કિરાતાર્જુનીય સારનો પોતાની ઇચ્છા પ્રમાણે ઉપભોગ કરો. ૬

" अथैकनाथादिकृतव्याख्यानेभ्यः
स्वचिकीर्षितग्रन्थस्याधिक्यमाह "

नानानिबंधविषमैकपदीनितान्त
साशङ्कसंक्रमणखिन्नधियामशङ्कम् ।
कर्तुंप्रवेशमिहभारविकाव्यबंधे
घंटापथंकमपिनूतनमातनिष्ये ॥ ७ ॥

नानेति । नानाविधानिबन्धाःकिरातार्जुनीयव्याख्यानग्रंन्थास्तएवविषमादुर्गमाःएकपद्यः । एकेनपद्यन्तेगम्यन्तेताएकपद्यः । संकीर्णपद्धतयः । सरणिःपद्धतिःपद्यावर्तन्येकपदीतिचेत्यमरः । ताभिःकृत्वानितान्तसाशङ्कमत्यन्तसंदिग्धंयत्संक्रमणंप्रज्ञानिवेशनंतेनखिन्नधियांखेदान्वितबुद्धीनांरसिकानामितिशेषः । इहास्मिन्भारविकाव्यबन्धेभारविकृतेकाव्यग्रन्थे । इहेतिबुद्धिस्थनिर्देशपरं । प्रवेशंकर्तुंबुद्धेरितिशेषः । कमपिनूतनं । घंटापथंविशालमार्गंतत्सदृशव्याख्यानमित्यर्थः । घंटापथःसंसरणंतत्पुरस्योपनिष्करमित्यमरः । आतनिष्येकरिष्यइत्यर्थः । अत्रकेचिद्वदन्ति । नानाविधानिबन्धारघुवंशादयस्तेषांविषमैकपद्यःसंक्षिप्तटीकावदन्तितदसंगतमेव । अत्रहिसंदिग्धधियामुपकारायतद्व्याख्यानमेवकर्तुमुचितं । अन्यथाकाकस्यकार्ष्ण्यात्धवलप्रासादइतिन्यायःस्यात् ॥ ७ ॥

'એક નાથાદિક પંડિતોએ કિરાતાર્જુનીય કાવ્યનું વ્યાખ્યાન કર્યું છે, તે કરતાં પોતાના વ્યાખ્યાનની અધિકતા બતાવે છે,

'कमपिनूतनंघंटापथमातनिष्येइतियदुक्तंतद्विविच्यप्रतिजानीते'

इहान्वयमुखेनैवसर्वंव्याख्यायतेमया
नामूलंलिख्यतेकिंचिन्नानपेक्षितमुच्यते ॥ ८ ॥

इहेति । मयाइहास्मिन्बुद्धिस्थेघंटापथाख्यग्रन्थे । अन्वयमुखेनअन्वयप्राधान्येन ॥ मुखंतुवदनेमुख्येद्वारप्राधान्ययोरपीतियादवः ॥ सर्वपद्यमितिशेषः । व्याख्यायते । जातावेकवचनम् । किंच । अमूलंमूलानुरोधरहितंकिंचिद्व्याख्यानंनालिख्यते । अनपेक्षितमपेक्षारहितंकिंचिन्नोच्यते । इहक्रियापदत्रयेऽपिवर्तमानसामिप्येवर्तमानवद्वा० । ३ । ३ । १३१ । इतिकर्मणिलट्प्रयोगः ॥ ८ ॥

નાના પ્રકારના વ્યાખ્યાન રૂપી દુર્ગમ માર્ગમાં શંકા સહિત ફરવાથી ખેદયુક્ત બુદ્ધિવાળા રસિક લોકોને નિઃશંકભારવી કાવ્યમાં પ્રવેશ કરવા માટે ઘટાપથ નામની (અર્થાત્ વિશાળ માર્ગ જેવી) ટીકા રચુછુ. ૭

'નવીન ઘંટાપથ નામની ટીકા રચુ છુ, એ કહેલુ, વિવેચન કરી દર્શાવે છે.' આ ટીકામાં અન્વયનું પ્રાધાન્ય રાખી સર્વ વ્યાખ્યાન કર્યુ છે (પણ) મૂળ ગ્રન્થનો ત્યાગ કરી, તેમજ અનપેક્ષિત કાંઇ લખ્યું નથી. ૮

"संप्रतिप्रयोजनादिसंगतिंनिर्दिशति"

अथतत्रभवान्भारविनामाकविः'काव्यंयशसेऽर्थकृतेव्यवहारविदेशिवेतरक्षतये । सद्यःपरनिर्वृतयेकान्तासंमिततयोपदेशयुजे' ॥ 'इत्याद्यालंकारिकवचनप्रामाण्यात्काव्यस्यानेकश्रेयःसाधनतां' 'काव्यालापांश्चवर्जयेदितिनिषेधशास्त्रस्यासत्काव्यविषयतांचपश्यन्किरातार्जुनीयाख्यंमहाकाव्यंचिकीर्षुश्चिकीर्षितार्थाविघ्नपरिसमाप्तिसंप्रदायाविच्छेदलक्षणफलसाधनत्वात्' 'आशीर्नमस्क्रियावस्तुनिर्देशोवापितन्मुखम्' इत्याद्याशीर्वादाद्यन्यतमस्यप्रबन्धमुखलक्षणत्वाच्चवनेचरस्ययुधिष्ठिरप्राप्तिरूपंवस्तुनिर्दिशन्कथामुपक्षिपति ॥

अथतत्रेत्यादि । अथशब्दःप्रारंभार्थः ॥ प्रारंभेतितस्यपर्यायः । क्रियापदेनान्वेति । मंगलानंतरारंभप्रश्नकार्त्स्न्येष्वथो-अथेत्यमरः । तत्रभवान् । सइतितत्र । प्रथमार्थेत्रल् । भातीतिभवान्भातेर्डवतुरौणादिकः । तत्रभवान्पूज्यइत्यर्थः । भारविनामाभारविनामयस्यसः ॥ तथोक्तः ॥ भासाभयावारवि-

---

'ગ્રન્થ પ્રયોજન બતાવે છે.' કાવ્યથી સત્કીર્તિ, દ્રવ્યની પ્રાપ્તિ, વ્યવહારમાં કુશળતા, અમંગળનો નાશ, તથા (એના શ્રવણથી) પરમ આનંદ, ને સ્ત્રી તુલ્ય પ્રીતિપૂર્વક ઉપદેશ થાય છે. ઇત્યાદિ આલંકા-

भारविः कविः काव्यकर्त्ता ॥ काव्यंयशसइत्यारभ्यकाव्यप्रकाशस्यार्या ॥ तत्रकाव्यप्रयोजननिर्देशः यशसइत्यादिनितादर्थ्यचतुर्थ्यन्तानि । यशसेगुणख्यातये । अर्थकृते'अर्थस्यपुरुषार्थस्यकृतस्यकरणाय । कृतइतितादर्थ्येऽव्ययमितिकेचित् । काव्यप्रदीपेतुकृत्विदयुजशब्दाःसंपदादित्वाद्भावाक्विबन्ताइत्युक्तं । व्यवहारविदेप्रश्नोत्तरादिव्युत्पत्तये । राजादिगतोचिताचारपरिज्ञानायवा । शिवेतरक्षतयेशिवादितरस्याशिवस्यक्षतयेनाशाय । सद्यःपरनिर्वृत्तयेश्रवणसमकालमेवपरमानंदाय । निरःपरस्यवृङ्संभक्तावितिधातोःक्तिन्प्रत्ययः । कान्तासंमिततयावनितातुल्यतया । वनितायथाप्रत्युत्पादनपूर्वकमुपदेशंकरोतितद्वदित्यर्थः । उपदेशयुजेहितोपदेशप्रयुक्तये'इत्यार्यासंक्षेपः ॥ इत्यादीनिन्यायालंकारिकवचनानिकाव्यफलोपपादकानि । तेषांप्रामाण्याद्यथार्थत्वात् ॥ काव्यस्यपठनश्रवणनिर्माणैरनेकश्रेयःसाधनतांनानाविधकल्याणहेतुत्वंपश्यन्जानन्नित्यर्थः । काव्यालापांश्चवर्जयेदिति । काव्यालापान्कवित्वप्रलापान्प्रहेलिकादिरुपान्वर्जयेदितिनिषेध शास्त्रस्यकेनचित्कल्पितस्यशास्त्राद्दृढत्वेननिर्मूलस्यापि । असत्काव्यविषयतामप्रशस्तकाव्यपरत्वंचपश्यन्कृत्स्नकाव्यपरत्वेतु रामायणादि-

---

रिक वचन ना प्रमाणथी काव्य (उत्तम काव्य) अनेक श्रेयनुं साधन 'ने काव्यना आलापनो त्याग करवो' ते दुष्ट काव्य परत्वे जाणी भारवि कवि किरातार्जुनीय महाकाव्यनो आरंभ करतां ग्रन्थनी निर्विघ्न समाप्ति थाय, ने संप्रदाय चालुरहे, माटे मंगलाचरण करे छे.

काव्यानामप्यनादेयत्वाप्तेः ॥ पश्यन्सन् किरातार्जुनीयाख्यं । महाकाव्यम् । सर्गबन्धोमहाकाव्यमित्यादिनादंडिप्रतिपादितम् । चिकीर्षुः कर्तुमिच्छन्सन् । चिकीर्षितार्थाविघ्नपरिसमाप्तिः । चिकीर्षितार्थस्याविघ्नेनयापरिसमाप्तिः । संप्रदायःशिष्टाचारः । तस्याविच्छेदोऽनुल्लंघनम् । सतल्लक्षणस्यफलस्यसाधनत्वात् । आशीर्नमस्क्रियावस्तुनिर्देशोवापितन्मुखमितिदंडिप्रोक्तस्याशीराद्यन्यतमस्याशीरादिषुत्रिष्वन्यतमस्यकस्यचिदेकस्य । अन्यतरान्यतमशब्दावव्युत्पन्नौद्विबहुविषयेनिर्धारणेवर्तेते । प्रबन्धमुखलक्षणत्वाद्ग्रंथारंभसूचकत्वाद्वनेचरस्ययुधिष्ठिरप्रहितस्यतत्प्राप्तिरूपंवस्तुनिर्दिशन्कथामुपक्षिपतिप्रारमते ॥ वनेचरसमागमविशिष्टयुधिष्ठिरवर्णनात्वस्तुनिर्देशात्मकमंगलमेतत् ॥ वस्तुशब्देनप्रशस्तवस्तुनिर्देशोविवक्षितः । तेनयुधिष्ठिरस्यपुण्यश्लोकत्वात्तद्वर्णनंमंगलमेवेतिबोध्यम् ।

'युधिष्ठिरेणवनेचरःकदाप्रेषितइत्याकांक्षायामुच्यते'

अथैकदाधर्मसुतोवनेवसन्वनेचरंकंचनबुद्धिमत्तरम् ।
न्यगुंक्तवैरिव्यवहारमीक्षितुंसवर्णिवेशःप्रविवेशतत्पुरम् ॥१॥

મંગલાચરણ ત્રણ પ્રકારનું છે. આશીર્વાદાત્મક, નમસ્કારાત્મક, ને વસ્તુનિર્દેશાત્મક. તેમાંથી (શત્રુઓનું રાજકાજ જાણવાને મોકલેલો) વનચર યુધિષ્ટરને મળ્યો, એ વસ્તુ બતાવી ને વસ્તુ નિર્દેશાત્મક મંગલાચરણ કરે છે.

॥ अथेति ॥ अथशब्दोमंगलार्थः । आनंतर्य्यार्थस्तुनभवति । तस्यप्रकृतग्रन्थनिबद्धेनार्थेनसार्कसंबंधोघटतेग्रंथान्तरोक्तेनसहाभिधानेतुसंगतिर्नस्यात् । एकदाकदाचिद्धर्मसुतोयुधिष्ठिरःवनेवसन्सन् । बुद्धिमत्तरंअतिशयेनबुद्धिमन्तंनीतिशास्त्रोक्तचारगुणसंपन्नमित्यर्थः ॥ कंचनाप्रसिद्धनामगोत्रंवनेचरं । वनवासिनंकिराततजातिम् । वनेचरःकिरातःस्यादन्योवनचरःस्मृतइतिशाश्वतः ॥ निजभृत्यमितिशेषः ॥ वैरिव्यवहारंदुर्योधनादिप्रवृत्तिराजनीतिलक्षणांईक्षितुंसम्यग्बोद्धुमित्यर्थः ॥ न्ययुङ्क्तनियुक्तवान् । युजेःकर्तरिलङ् । दुर्योधनस्यव्यवहारोधर्मानुरोधीधर्मविरोधीवेतिपरीक्षांकर्तुं । गूढचरप्रेषणमुचितमेव । यदितस्यव्यवहारोधर्मानुरोधीस्यात्तर्हितज्जयार्थेप्रयतनीयम् ॥ अन्यथातुस्वापराधेनतस्यनाशःस्वयमेवभविष्यतीति ॥ प्रयन्तंविनानस्यादितिव्यवहारपरीक्षायांहेतुर्द्रष्टव्यः । सवनेचरोवर्णिवेशःसन् । वर्णोब्राह्मणादिरस्यास्तीतिवर्णी । वर्णाद्ब्रह्मचारिणि ५ । २ । १३४ इतिइनिप्रत्ययः । वर्णिनोब्रह्मचारिणइत्यमरः ॥ ब्रह्मचर्यात्प्राक्सर्वेवर्णाःशूद्रप्रायाःसंस्कारेणब्रह्मचर्यधारणेकृतेसतितेषांस्वस्ववर्णव्यवहारोभवतीति । वर्णशब्दोब्रह्मचरिषुयोगरूढः । तस्यवेशोमृगचर्मप्रावरणादिरूपःसइववेशोयस्यसःतथोक्तःसन्तत्पुरंदुर्योधननगरंगजाह्वयंप्रविवेश । स्वाभाविकप्रवेशेनतत्रप्रवेशोदुर्घटइतिभावः ॥ १ ॥

'યુધિષ્ટિરે વનચર (કિરાત) ક્યારે મોકલ્યો તે બતાવે છે.' દુર્યોધન રાજકાજ કેવી રીતે ચલાવે છે તેનો તપાસ કરવા માટે બુદ્ધિવાન કોઇ વનચરને મોકલ્યો, તે બ્રહ્મચારિનો વેષ લઇ હસ્તિનાપુર ગયો. ૧

'हास्तिनपुरेप्रविश्यवनेचरःकथंविदितवृत्तान्तोऽभवदित्याकांक्षायामुच्यते'

सतत्रनानोपधिभिःपरिभ्रमन्विचित्रवार्ताकुशलोवसच्चिरम् ॥
ततोनृपःप्राक्तनवासमुत्सृजन्वनांतरंद्वैतवनांतिकेश्रितः ॥ २ ॥

॥ सइति ॥ तत्रहास्तिनपुरेविचित्रवार्ताकुशलः । विचित्रासुवार्तासुप्राचीननवीनकथासुकुशलश्चतुरः । सवनेचरोनानोपधिभिर्नानाविधैःकपटैः ॥ कपटोऽस्त्रीव्याजदंभोपधयश्छद्मकैतवइत्यमरः ॥ कुत्रचिदन्नार्थंकुत्रचिदुदकार्थंकुत्रचित्प्रावरणादिप्रार्थनार्थं ॥ इत्थंसर्वत्रसंचारःकपटात्सर्वाणिपरिभ्रमन्परितोभ्रमणंकुर्वन् ॥ राजवृत्तान्तज्ञानार्थमितिभावः । चिरंबहुकालमवसत् ॥ अचिरवासेननिःशेषवार्ताज्ञानासंभवादितिभावः । 'तदनंतरंयुधिष्ठिरःकिमकार्षीदित्यपेक्षायामाह' ॥ ततइति ॥ ततोवनेचरप्रेषणानन्तरंनृपोयुधिष्ठिरःप्राक्तनवासंपूर्वाधिष्ठितकाम्यकवनैकदेशं ॥ उत्सृजन्त्यजन्सन् ॥ स्वप्रहृष्टपशुप्रार्थनयासंजातकरुणत्वादितिभावः । द्वैतवनांतिकेद्वैतवना-

---

'હસ્તિના પુરમાં જઇ વનચરે વૃત્તાન્ત કેવી રીતે જાણ્યુ એવિ આકાંક્ષા થતાં કહે છે;' પ્રાચીન તથા નવીન ઇતિહાસમાં ચતુર વનચર નાના પ્રકારના કપટીથી ફરતો બહુ વખત હસ્તિનાપુરમાં રહ્યો. તેટલામાં યુધિષ્ઠિર રાજા કામ્યક વનના એક દેશને છોડી દઇ એજ વનના પ્રાંતમાં દ્વૈતવન નામના સરોવરની પાસે આવી નિવાસ કર્યો. ૩

स्यसरोवरसमीपे ॥ यत्रद्वैतवनंसरइतिमहाभारतेवनपर्वणि । द्वैतवनशब्दस्यसरोविशेषवाचित्वंदृश्यते ॥

वनान्तरंकाम्यकवनस्यैवप्रदेशविशेषमित्यर्थः ॥ वस्तुतस्तुतत्रापिद्वैतवनशब्दःप्रवर्तते । यथोक्तं । महाभारतेआदिपर्वणि । येनलिंगेनयोदेशोयुक्तःसमभिलक्ष्यते । तेनैवनाम्नातंदेशंवाच्यमाहुर्मनीषिणइतिनिरूढलक्षणायाः शक्तितुल्यत्वाद्वाच्यमित्युक्तं ॥ तथाचोक्तंकाव्यप्रदीपे ॥ यत्रान्नायत्रचेत्यादिर्विषयोऽपिसताहशइति । एवंच । गंगायांघोषइत्यादौनिरूढलक्षणासंभवति । प्रकारान्तरंतुविवक्षावशाद्दर्शनमितिबोध्यम् ॥ श्रितःबभूवेतिशेषः । श्रयतिस्मासौश्रितइति । सकर्मकादपिविवक्षितेकर्मणिक्तर्तरिक्तः । द्वितीयाश्रितातीत० २ । १ । २४६ इत्यादिज्ञापकात् । एतेनभजतिस्मासौभक्तइतिकर्तरिनिष्ठासमाहिताअन्यथाभक्तशब्दस्यभजनीयपरतास्यादितिसंक्षेपः ॥२॥

इतिश्रीपदवाक्यप्रमाणपारावारीणरामजीभट्टात्मजाशाधरभट्टकृतछात्रानंदकिरातार्जुनीयव्याख्यामुखव्याख्यानं समाप्तम् ॥

समाप्तम्०

॥ किरातार्जुनीय काव्य कथानो सार. ॥

પાંડવોએ જ્યારે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે તેમના આમંત્રણથી દેશદેશના રાજાઓ હસ્તિનાપુરમાં પધાર્યા હતા. તે રાજાઓમાં સત્યવાદી વેદાન્તને જાણનાર, ધૈર્યવાન, ક્ષત્રીય ધર્મમાં કુશળ એવા ઘણા હતા. તેઓ પોતાની સાથે બ્રાહ્મણોને આપવા સારૂ ગાયો, ઘોડા, રથ, હાથી વગેરે વિવિધ રાજકીય સમૃદ્ધિઓ લાવ્યા હતા. તે વખતે ચાર વેદના પારને પામેલા એવા કેટલાક રૂષીઓ પણ પધાર્યા હતા. જે વખતે આવા અનેક રાજા તથા રૂષિઓની સભા ભરાઈ હતી, તે વખતે ભીમ અર્જુન વગેરે એ યુધિષ્ટિર ઉપર છત્ર, ચામર ધર્યાં હતા. અને શ્રીકૃષ્ણ ભગવાને સમુદ્રે આપેલા શંખથી યુધિષ્ટિરને અભીષેક કર્યો. આવી પાંડવોની સમૃદ્ધિ અને ઉદય જોઈને દુર્યોધનના મનમાં ઘણી અદેખાઈ ઉત્પન્ન થઈ અને જેતે પ્રકારે તેમની રાજ્યલક્ષ્મી હરી લેવાની તેને ઇચ્છા થઈ. આ તેની ઇચ્છા ને તેના મામા શકુનીએ ટેકો આપ્યો અને પોતે દ્યૂત રમવામાં કુશળ હોવાથી પાંડવોને દ્યૂત રમવા બોલાવી તેમની સંપત્તિ હરી લેવાની તેણે દુર્યોધનને સલાહ આપી. દુર્યોધન આથી ઘણો ખુશ થયો અને દ્યૂત રમવાનો દીવસ નક્કી કરી પોતાના અંધ પિતા ધૃતરાષ્ટ્રની તેમાં સંમતિ લીધી. ધૃતરાષ્ટ્રે પહેલાં તો આનાકાની કરી પણ પછીથી તેમ કરવાની તેને રજા આપી. દુર્યોધને એક સુશોભિત સભામંડપ રચાવી પાંડવોને દ્યૂત રમવા બોલાવ્યા. યુધિષ્ટિર

રાજા ધૂતને ધીઃકારતા હતા, પરંતુ કોઇ પણ હારજીતની વાતમાં ડરીને પાછા પડવું એ શરમ ભરેલું છે એવું જાણી તેમણે દુર્યોધનની સાથે ધૂત રમવાની વાત કબુલ કરી. ધૂત રમવામાં દુર્યોધનના તરફથી તેનો મામો શકુની પાસા ખેલતો હતો. તે જાતે કપટી હતો. તેણે પોતાના કપટનો ઉપયોગ કરી વારંવાર ભલા અને પ્રમાણિક યુધિષ્ટિર રાજાને હરાવ્યા, અને એ પ્રમાણે પાંડવો, ધન, તન અને આખરે સતિ દ્રૌપદીને પણ તેઓએ દાવમાં જીતિ લીધાં. આ જીતથી ફુલાઇને અભિમાની દુર્યોધને સતિદ્રૌપદીને સભામાં લાવવાને દુશાસનને મોકલ્યો. ધર્મિષ્ટ પાંડવો જીતાયલા ન હોવાથી લાચાર થઇને સભામાં બેઠા હતા, તે વખતે દુષ્ટ દુશાસને દ્રૌપદિને ચોટલો ઝાલી સભામાં આણ્યાં. સતિદ્રૌપદીએ પહેલાં તો પોતાના પતિઓનુ રક્ષણ મેળવવા યત્ન કર્યો, પરંતુ તેઓ ધર્મ અને વચનથી બંધાયલા હોવાથી કંઇ કરી શકયાં નહિ. સભામાં બેઠેલા ઋષિ તથા રાજાઓ પણ દુર્યોધનના આ દુષ્ટ કૃત્યથી ક્ષોભ પામી દીગ્મૂઢ થઇ ગયા હતા, અને તે સર્વે દુર્યોધનને ધીઃકારવા લાગ્યા. પાપી દુર્યોધને ભરસભામાં સતીનાં ચીર ઉતારવાનો વિચાર કર્યો, ત્યારે સતિએ દુઃખ અને શરમથી ભયભિત થઇ શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કર્યું. તે બોલી હે દ્વારકાં વાસી ભગવાન, આ સંકટની વખતે તારા વિના મારૂં કોણ રક્ષણ કરશે ? હે લક્ષ્મી પતિ, હે મહાયોગી, હે જગતને ઉત્પન્ન કરનાર પ્રભુ, આ કૌરવો રૂપી દરીઆમાં હું ડુબુછુ અને હવે હું તારે શરણ છું. આ પ્રમાણે સતિ દ્રૌપદી ગદ ગદ કંઠ થઇ રડવા લાગી અને આ તેના અત્યંત કષ્ટના વખતમાં પ્રભુને પોકારવા લાગી. પ્રભુ પણ આ પોતાનાં પ્રિય ભક્ત-

ના કષ્ટની બૂમ શાંભળી તુરત વ્હારે ધાયા અને સતિ દ્રૌપદીને વસ્ત્ર-થી ઢાંકી દીધાં. દુષ્ટ દુશાસન જેમ જેમ એકેકું વસ્ત્ર ખેંચતો ગયો તેમ તેમ તરેહ તરેહનાં મૂલ્યવાન ચીર સતિના શરીર ઉપર એક પછી એક જણાવા લાગ્યાં. દુશાસન ચીર ખેંચતાં થાકયો, પણ ભક્ત વત્સલ ભગવાન ચીર પૂરતાં થાકયા નહિ. આ પ્રમાણે સતિ દ્રૌપદીની લજ્જા પ્રભુએ રાખી. પરંતુ પાપી દુર્યોધનનું આ અપકૃત્ય જોઇ સભામાં બેઠેલા સર્વે બ્રાહ્મણ અને ક્ષત્રીઓ તેનો તિરસ્કાર અને સતિનાં વખાણ કરવા લાગ્યા. આ વખતે ભીમસેને સભા મધ્યે ઉભા થઇને દુષ્ટ દુશાસનના રૂધીરનું પાન કરવાનું પણ લીધું. પછી વીદુરજી વગેરેના કહેવાથી ધૃતરાષ્ટ્રે કહ્યુંકે હે મંદબુદ્ધિ વાળા દુર્યોધન, આ સભ્યજનોની શરમ છાંડીને તે સતિ દ્રૌપદીનો તિરસ્કાર કર્યો છે, માટે હવે તારી ભુંડી દશા આવી છે. પછી દુઃખી દ્રૌપદી તરફ ફરી તેને વરદાન માગવાનું કહ્યું. ત્યારે સતિ દ્રૌપદીએ વરદાનમાં રથ ભંડાર સહિત પોતાના પતિઓનો છૂટકો માગ્યો. ધૃતરાષ્ટે "તથાસ્તુ" કહી તે સઘળું આપ્યું અને સભા બરખાસ્ત થઇ. પાંડવોએ ધૃતરાષ્ટ્રને નમન કર્યું અને કહ્યું કે આપની જે આજ્ઞા હોય તે કરવાને અમે તૈયાર છીએ. ત્યારે ધૃતરાષ્ટે કહ્યું કે તમે તમારૂં રાજ્ય ભોગવો. પછી પાંડવો ઉઠી હસ્તિના પુર જવા નીકળ્યા. પણ દુર્યોધન આથી ઘણો ગુસ્સે થયો અને પાંડવોને ફરીથી દ્યૂતમાં હરાવી વનમાં મોકલવાનો તેણે નિશ્ચય કર્યો. ફરીથી તેણે પોતાના પિતાધતરાષ્ટ્રને જેમ તેમ સમજાવીને દ્યૂત રમવાની સંમતિ મેળવી. દૂર ગયેલા પાંડવોને ફરીથી દૂત મોકલી તેડાવ્યા. અને દ્યૂતનો આરંભ કર્યો. આ વખતે પણ શકુનીના કપટથી યુધિષ્ઠિરાદિ પાંડવો

હાર્યા અને તેથી તેમને બાર વરસ વનમાં જવું પડયું. સરત એવી હતી કે બાર વરસ વનમાં રહેવું અને તેરમું વરસ છાના રહેવું. તેમ છતાં જો તે વરસમાં તેઓ જાહેર પડે તો તેમને ફરીથી બાર વરસ વનવાસ ભોગવવો પડે. એ સરત પ્રમાણે પાંડવો તથા દ્રૌપદિ મૃગચર્મ પહેરી વનવાસ ગયાં

* કેટલાંક વરસ એ પ્રમાણે વનવાસમાં ગાળ્યા પછી એક દિવસ યુધિષ્ટિર રાજાએ એક બુદ્ધિવાન વનચર (કિરાત) ને બ્રહ્મચારીનો વેશ ધારણ કરાવી શત્રુઓ રાજકાજ કેવી રીતે ચલાવે છે તે જાણવાને હસ્તિનાપુર મોકલ્યો. વનચર ત્યાં જઇ કોઇ પાસે પાણી, કોઇ પાસે અન્ન, અને કોઇ પાસેથી વસ્ત્ર, માગવાની મિષે જઇ રાજકાજની હકીકતથી વાકફ થયો, અને હસ્તિનાપુરમાં કેટલાંક વરસ રહી સર્વ હકીકત જાણી યુધિષ્ટિર રાજા પાસે જઇ આ પ્રમાણે હસ્તિના પુરનું વૃત્તાંત તેમને કહી સંભળાવ્યું. દુર્યોધન તમારા બાઇઓનો ભય રાખીને પોતે કપટથી મેળવેલું રાજ નીતિથી ચલાવેછે. અને પોતાના રાજ્યમાં દંડપ્રકાર તથા ધન સંપાદન કરવાના ઉપાય શોધી કાઢે છે. પોતે રૈયત સાથે ઉદાર સ્વભાવથી વરતે છે તેથી રૈયત પણ સુખી જણાય છે. દુર્યોધનના મિત્રો પણ તેને જરૂરની વખતે સહાય આપે છે" આ પ્રમાણે હકીકતથી યુધિષ્ટિર રાજાને વાકેફ કરી વનચર સ્વસ્થાને ગયો. ત્યારપછી યુધિષ્ટિરે પોતે પોતાભ્રાતૃ વર્ગ સહિત દ્રૌપદી પાસે જઇને સ્વકીય શત્રુના ઉદયનું વૃત્તાંત તેમને વિદિત કર્યું. તે ઉપરથી દ્રૌપદી જરા ક્રોધાયમાન થઇ

---

* અહીં કિરાતાર્જુનની કથા શરૂ થાય છે.

બોલ્યાં. "હે ધર્મ રાજા, અનેક વૈભવો ભોગવનાર આ તમારા તેજ-સ્વી ભાઇઓ વનમાં દુઃખ ભોગવે છે, માટે હવે પૌરૂપત્વનો આ-શ્રયકરી શત્રુઓને જીતો" પછી ભીમસેન બોલ્યા, "હે મોટાભાઇ દ્રૌપદીએ તમને જે વાત કહી તે અંગીકાર કરવા યોગ્ય છે; કાર-ણ કે આપણે હવે વધારે વાર વનમાં રહેવું એ ખેદ કારક છે. અને કદાચિત આપણો અવધી પુરો થાય ત્યારે કૌરવો આપણને રાજ્ય આપે, પણ તે પ્રમાણે રાજ્ય લેવું નિંધ છે. કારણ કે પછી-થી બળવાન આ અમારા હાથ શા કામમાં આવવાના. શત્રુઓની ઉપેક્ષા કરવી ઘટિત નથી, માટે હવે કોઇ પણ પ્રકારે શત્રુઓને જી-તવાનો ઉદ્યોગ કરવો. + ભીમસેનનું આવું વચન સાંભળીને યુધિ-ષ્ટિર બોલ્યા. "હે ભાઇ તમે ધૈર્ય ત્યાગ ન કરો. સુખદુખ સર્વને આવે છે. આપણને જે આપત્તિ આવી તેમાં આપણો કોઇપણ પ્રકા-રનો દોષ નથી. માટે ઇશ્વર જે જે વખતે જે જે આપે તેથી સં-તોષ પામી ધૈર્ય રાખવું. આ પ્રમાણે વાત કરી યુધિષ્ટિર રાજાએ દ્રૌપદી વગેરેને શાંત પમાડયાં. એટલામાં જેણે જટા ધારણ કરીછે એવા વ્યાસજી ભગવાન અકસ્માત આવ્યા. † મુનીના આગમન હેતુ જાણવાના અભિલાષી યુધિષ્ટિર ધર્મ નિબંધવેદ શ્રુતિઓના કાર-ણ એવા વ્યાસમુનીને કહ્યું કે "હે તપો નિધે' વાદળા વગર મેઘના આગમનની કલ્પના જેમ થતી નથી તેમ અતર્કિત આપનું આગ-મન સર્વ દુઃખનું નિવારણ કરનાર છે. અને આપના આવવાથી ય-જ્ઞ ક્રિયાઓ તથા બ્રાહ્મણોની આશીષો સફળ થઇ. આપ સકળ

+ સર્ગ-૧ † સર્ગ-૨

જગતના પૂજ્યછો, તેથી આપનું દર્શન સરળ છે અને તે પુરૂષાર્થ, કીર્તિ તથા મનવાંછિત ફળની પ્રાપ્તિ કરાવનારૂં છે" એ આદિ સુવાક્યથી પ્રસન્ન થઇ વ્યાસજી ભગવાન બોલ્યા કે "હે યુધિષ્ટિર, દુર્યોધનાદિએ તમને કપટથી જીત્યા છે અને નીતિશુન્ય હોવાથી તેમણે તમને વનવાસમાં કાઢયા છે. તમો નીતિજ્ઞ તથા સત્ય વક્તા હોવાથી હું તમારાપર પ્રસન્ન થયોછું, માટે હે નૃપ, તમારા ઉત્કૃષ્ટ સારૂ ઇંદ્રાદિ દેવતાઓએ આરાધન કરેલી અને મોટા પ્રભાવવાળી ઇંદ્ર મંત્રરૂપ વિદ્યા તમને આપવા સારૂ હું આવ્યો છુ. એ પ્રમાણે પોતાનું આગમન પ્રયોજન સૂચવી વ્યાસમુની સુશોભિત આસન ઉપર બિરાજ્યા. પછી જયની ઇચ્છા રાખનાર અર્જુન વિદ્યાર્થીની પેઠે વિદ્યા શીખવાસારૂ વ્યાસજી પાસે જઇ બેઠા; એટલે વન્હિકણ સરખી ઉજવળ ઇંદ્રમંત્ર રૂપ વિદ્યાએ વ્યાસજીના મુખમાંથી અર્જુનના મુખમાં પ્રવેશ કર્યો અને તપશ્ચર્યા કરવા આજ્ઞા આપતાં વ્યાસજીએ કહ્યું કે આ ગુહ્યક તને ઇંદ્રકીલ પર્વત પર લઇ જશે. એ પ્રમાણે કથન કરી મુની પોતે સ્વસ્થાને ગયા. પછી અર્જુને તપશ્ચર્યા કરવા જવાનો ઉપક્રમ કર્યો; તે વખતે પાંડવો તથા દ્રૌપદીનાં અંતઃકરણ ભવિષ્ય વિયોગથી ખેદ યુકત થયાં, એટલે અર્જુનની આંખોમાં પાણી આવ્યું. પછી યુધિષ્ટિર તથા દ્રૌપદી વગેરેએ કહ્યું કે તમો કોઇ વાતે અમારી ચિંતા કરશો નહિ અને આનંદથી વિદ્યા શીખવા જાઓ; કારણ કે તેથી આપણા દુખનો અંત જલદી આવશે. પછી વ્યાસજીએ પ્રેરેલા ગુહ્યક સાથે અર્જુન ઇંદ્રકિલ પર્વત ઉપર ગયો. *

---

* સર્ગ–૩

(હવે કિરાતાર્જુનીય ગ્રંથમાં નીચેના ક્રમ પ્રમાણે હકીકત આવે છે.)

સર્ગ–૪

કવિતથા ગુહ્યકે કરેલું શરદ ૠતુનું વર્ણન અને લતા તંતુથી વિંટાયેલા હિમાદ્રિનું દૂરથી દૃષ્ટિએ પડવું.

સર્ગ–૫

હિમાદ્રિનું વર્ણન, અર્જુનનું ઇંદ્રકિલ પર્વતપર જવું તથા તે પછી ગુહ્યકનું સ્વસ્થાને જવું.

સર્ગ–૬

ઇંદ્રકિલ પર્વતમાં અર્જુનની બેઠકનું તથા ત્યારપછી તપનું વર્ણન. ઇંદ્રકિલ પર્વતના રક્ષણ કરનારાઓનું ઇંદ્રની પાસે જઇ અર્જુનના તપનું વર્ણન કરવું. અર્જુનના તપનો ભંગ કરવાને ઇંદ્રનું અપ્સરાઓને મોકલવું.

સર્ગ–૭

ગાંધર્વ તથા અપ્સરાઓનું વિલાસ યુકત ગમન, તથા સૈન્યનું સંનિવેશાદિ વર્ણન.

સર્ગ–૮

ગાંધર્વ તથા અપ્સરાઓએ પુષ્પ વીણતી વેળાએ કરેલી ક્રીડાનું તથા જળમાં કરેલી ક્રીડાનું વર્ણન.

સર્ગ–૯

સાયંકાળ, ચંદ્રોદય, કામક્રિડા, પાનગોષ્ટી, સુરત તથા પ્રભાતનું વર્ણન.

સર્ગ–૧૦

વર્ષા રૂતુમાં અપ્સરાઓ તથા અર્જુનના સમાગમનું વર્ણન. અપ્સરાઓની ચેષ્ટા તથા પ્રયાસ વૈફલ્યનું વર્ણન.

સર્ગ–૧૧

અર્જુનના આશ્રમમાં મુનીનું રૂપ ધારણ કરી ઈદ્રનું આવવું, તથા તેઓનો પરસ્પર વાદવિવાદ. ઈદ્રનું પ્રત્યક્ષ દર્શનમાં અર્જુનને શીવારાધન માટે કહેવું, તથા અર્જુને શંકરના આરાધન માટે કરેલા તપનું વર્ણન.

સર્ગ–૧૨

સંતાપ પામેલા સિદ્ધ તથા તાપસોનું શીવજી પાસે જવું શીવજીનું તેમને શાન્ત પમાડવું તથા અર્જુનના સ્વરૂપનું વર્ણન. વરાહરૂપને ધારણ કરી અર્જુનને પરાભવ પમાડવા માટે મુક દાનવનું આવવું. મુક દાનવને મારવા ભગવાનનું કિરાતના રૂપમાં અર્જુનના આશ્રમમાં આવવું.

સર્ગ–૧૩

મુક દાનવને વરાહના રૂપમાં જોઇ અર્જુનના મનમાં થતા તર્ક- વરાહ ઉપર ભગવાન તથા અર્જુનના બાણ મોક્ષનું તથા વરાહ મરણનું વર્ણન. વરાહના શરીરમાંથી બાણ કાઢતી વખતે અર્જુન પ્રત્યે શીવજીના પ્રેરેલા વનચરનું વાક્ય. વનચર પ્રત્યે અર્જુનનું બોલવું.

સર્ગ–૧૪ સર્ગ–૧૫

વનચરની હકીકત સાંભળીને પોતાની સેના સાથે અર્જુનના વિજય માટે શીવજીનું આવવું. શીવજીના સૈન્ય સાથે અર્જુનના યુદ્ધનું તથા ચિત્ર યુદ્ધનું વર્ણન.

સર્ગ—૧૬

કિરાતનું રૂપ લેઇ પધારેલા ભગવાનનું યુદ્ધ કૌશલ્ય જોઇ અર્જુનના મનની અંદર નાના પ્રકારના તર્ક અને શીવજીની સાથે અર્જુનના અસ્ત્ર યુદ્ધનું વર્ણન.

સર્ગ—૧૭

શીવજી તથા અર્જુનનું પરસ્પર યુદ્ધ વર્ણન.

સર્ગ—૧૮

શંકર તથા અર્જુનનું બાહુ યુદ્ધ વર્ણન. અર્જુનના બળનું આધિક્ય જોઇ શંકરના પ્રસાદનું પ્રગટ થવું. તે સમયે ઇંદ્રાદિ દેવનાઓનું આવવું- અર્જુને કરેલી શંકરની સ્તુતિ. અર્જુનને પાશુપાતાસ્ત્ર સહિત ધનુર્વેદનો શંકરે કરેલો ઉપદેશ. ભગવાનની આજ્ઞાથી ઇંદ્રાદિ દેવતાઓએ વરદાન તથા પોતપોતાના અસ્ત્રનું દાન આપવું તેથી કૃતાર્થ થએલા અર્જુનનું શંકરની આજ્ઞાથી યુધિષ્ઠિર પાસે આવવું.

સંપૂર્ણ.



જાહેર ખબર.

॥श्रीः॥

योविश्वस्यलयोदयस्थितिकरःसंराजतेश्रीहरिः
स्वीयेधामनिमुक्तवृन्दसहितःसर्वान्तरात्मासदा
त्रैलोक्याधिपतिः सुरासुरजनैःसंस्तूयतेब्रह्मभि
र्वन्देधर्मसुतंगृहीतनृतनुंश्रीस्वामिनारायणम् ॥

॥ नमः श्रीकृष्णगुरुपादपुण्डरीकाय ॥

જયપુર મહારાજાશ્રિત રાજકીય સંસ્કૃત પાઠશાળાધ્યાપક, પંડિતેન્દ્ર વૈદ્યવાચસ્પતિ ભટ્ટાચાર્ય, શ્રીમાન્ શ્રીકૃષ્ણરામ કુન્દનજીના આશ્રય ભૂત.

॥ आयुर्वेद चिकित्सालय ॥

આ ઔષધાલયની અન્દર જવર, અતીસાર, સંગ્રહણી, અમોમાંધ, અર્શ, પિત્તપાંડુ, કમળો, ક્ષય, શ્વાસ, કાસ, પ્રમેહ, ધાતુક્ષય વગેરે રોગોઉપર વનસ્પતિની તમામ ઔષધીઓ તથા મહામાત્રાઓ યોગ્ય કીંમતે વિક્રય કરવામાં આવે છે. તેની ઇચ્છા વાળા પુરૂષોએ અમને લખીજણાવવું વાપ્રત્યક્ષમળવું. સૂચના દવા સાથે આપવામાં આવશે.

મુ. અમદાવાદ સ્વામિનારાયણના મંદિરપાસે.	**વૈદ્યરાજ.** **શાસ્ત્રી. નારાયણશંકર.** **વિ. દેવશંકર.**

"પુસ્તક તથા ઔષધ નીચે લખેલે ઠેકાણેથી મળી શકશે."

નડીઆદ વૈદરાજ મહાસુખરામ મનઃસુખરામ.
આયુર્વેદ ઔષધાલય.

વડોદરા રા. રા. ઉમાશંકર મહાસુખરામ.
ઠે. ઘડીઆળીપોળમાં વિરાસાનીપોળ.

બોરસદ તાબે **અલારસા.** શાસ્ત્રી પુરૂષોત્તમ મગનલાલ.

મેસાણા તાબે **મેવાડ.** રા.રા. પુરાણી. ઉમેદરામ લખતરામ